## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ ખાતે કૌશલ્ય વિકાસ કાર્યક્રમ અંતર્ગત ૧૫ દિવસીય પ્રાયોજીત રોજગારલક્ષી "નર્સરી વ્યવસ્થાપન" તાલીમ કાર્યક્રમ યોજાયો

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ દ્વારા કૌશલ્ય વિકાસ કાર્યક્રમ અંતર્ગત તા.૨૨/૦૮/૨૦૧૬ થી ૦૬/૦૯/૨૦૧૬ ના સમયગાળા દરમિયાન "નર્સરી વ્યવસ્થાપન" વિષય પરત્વે ૧૫ દિવસીય રોજગારલક્ષી તાલીમ કાર્યક્રમ યોજવામાં આવેલ જેમાં સોજિત્રા તથા તારાપુર તાલુકાના દેવાતજ પલોલ તેમજ આમલીયારા ગામના કુલ ૨૫ યુવા ભાઇઓ તથા બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધેલ

કે.વિ.કે. ના વડાશ્રી ડૉ. જી.જી. પટેલ દ્વારા રોજગારલક્ષી તાલીમના મહત્વથી યુવા તાલીમાર્થીઓને માહિતગાર કરવામાં આવેલ. તા. ૨૨, ઓગષ્ટ ,૨૦૧૬ થી તા. ૦૬,સપ્ટેમ્બર ૨૦૧૬ દરમિયાન શ્રીમતી અમીતાબેન બી. પરમાર, વૈજ્ઞાનિક (બાગાયત) ના માર્ગદર્શન હેઠળ નર્સરીમાં શાકભાજી ધરૂ ઉછેર, ફળ ઝાડના રોપા ઉછેર, વિવિધ કલમો, કિચન ગાર્ડનીંગ, કુંડામાં છોડ ઉછેર તથા તેની માવજત, વર્મીકમ્પોસ્ટ, નેડેપ પધ્ધતિથી કમ્પોસ્ટ બનાવવુ, ફળ ઝાડની છાટણી, વિવિધ આકારોમાં મહેંદી કટીંગ, લેન્ડસ્કેપિંગ વગેરે જેવા વિવિધ વિષયોની પ્રાયોગીક તાલીમ આપવામાં આવેલ. આ તાલીમ દરમિયાન યુવા તાલીમાર્થીઓને આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે આવેલ વિવિધ યુનિટો જેવા કે બાગાયત ફાર્મ, ફુલ છોડ નર્સરી, ઔષધિય અને સુગંધિત પાક કૌતુકાલય, સરદાર પટેલ એગ્રીકલ્ચર મ્યુઝિયમ વગેરેની પ્રત્યક્ષ મુલાકાત કરાવવામાં આવેલ











# વિવિધ વિષયોની પ્રાયોગીક તાલીમની ઝાંખીઓ




કુંડામાં છોડ ઉછેર તથા તેની માવજત




કટકા કલમ તથા તેની રોપણી




જામફળમાં ગુટી કલમ




કમ્પોસ્ટ ખાતર બનાવવાની પધ્ધતિ





કિચન ગાર્ડનીંગ



શાકભાજી ધરૂ ઉછેર



વિવિધ આકારોમાં મહેંદી કટીંગ



લોનકટીંગ



સરદાર પટેલ એગ્રીકલ્ચર મ્યુઝિયમની મુલાકાત



ઔષધિય અને સુગંધિત પાક કૌતુકાલયમુલાકાત



ફુલ છોડ નર્સરી મુલાકાત